Vol. 3, Issue: 1, January: 2015 (IJRSML) ISSN: 2321 - 2853

# 'હવાને કિનારે' - ની ગઝલો

ડો. તૃપ્તિ સી. પટેલ
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ
એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુર

શાયદાથી આરંભાયેલી ગુજરાતી ગઝલની આઠમી પેઢીમાં પોતાની સર્જકતાના બળે નોખા તરી આવતા અંકિત ત્રિવેદી, અશોક ચાવડા, હિતેન આનંદપરા, મૂકેશ જોષી, દિલીપ રાવલ જેવા થોડાક ગઝલકારોમાં હરદ્વાર ગોસ્વામી સ્વપ્રતિભાથી અગ્રસ્થાને બિરાજે છે. તેમના ગઝલસંગ્રહ 'હવાને કિનારે' માં પ્રગટ થયેલી બાવન ગઝલો વાંચતાં અનુભવાય છે. કે એમણે ગઝલને પામવાનો-પચાવવાનો ઠીક ઠીક પ્રયત્ન કર્યો છે. અવનવા રદીફ, કાફિયા, સાથેની એમની મથામણ સતત ચાલતી રહી હોવાનો અહેસાસ આપણને થાય છે. મનહર અને મનભર એવા કેટલા બધા શેર અને ગઝલ હરદ્વારે આ સંચયમાં આપ્યા છે. હરદ્વારે પૂરી નિષ્ઠાથી ગઝલને સેવી છે અને એનાં સુંદર પરિણામો આપણને આ સંગ્રહમાં મળ્યાં છે. સંગ્રહનું નામ 'હવાને કિનારે' જ કેવી કાવ્યાત્મકતા સૂચવે છે ! પોતાની ગઝલના એક શેરમાં એ કહે છે :

છે લપસણી આજની એવી હવા
પંખીને પણ ઊડતાં ફડકો પડે.

એને ગઝલની ગઝલિયત અને અસલિયતનો ખ્યાલ છે. ગઝલ વિશે વાત કરતાં હરદ્વાર લખે છે : 'ગઝલ એટલે બમણું નહીં પણ બાદબાકી, મળવું નહીં પણ વળવું, શબ્દ નહીં પણ સૂનકાર……અંતે આ વિચારવાનું ય બંધ કરું છું ત્યારે સાચી ગઝલ સામે મળે છે' સહજતાને સૂંઘતા આ ગઝલકારની ગઝલોમાંથી પસાર થઈએ છીએ ત્યારે તેમાં પ્રેમ, મિત્રો અને સાંપ્રત જગતના વાસ્તવિક પરિચયનું ભાવવિશ્વ પામી શકાય છે. વિસ્મય-પ્રૌઢિ અને વયસહજ ભાવદ્રકના ચમકારા લઈને આવતી આ ગઝલોમાં મૂર્ત-અમૂર્ત ભાવો સાહજિકતાથી અભિવ્યકત થયા છે.

'હવાને કિનારે' ગઝલ સંગ્રહની પહેલી જ ગઝલ 'ગઝલમ્ શરણં ગચ્છામિ' નો મતલા જુઓ :

દોસ્ત, ધજા થઈ ગઈ પથ્થરની ગઝલમ્ શરણં ગચ્છામિ,
પોલ ખુલી ગઈ સૌ ઈશ્વરની, ગઝલમ્ શરણં ગચ્છામિ

ફરફરતી ધજા પથ્થરની થઈ ગઈ-જડ થઈ ગઈ અને એ સાથે મંદિરમાં પ્રસ્થાપિત થયેલ મૂર્તિરૂપી ઈશ્વરની પોલ ખૂલી ગઈ. કદાચ આ કારણે જ કવિ ઈશ્વરને શરણે નથી જતો પણ કવિતાને શરણે-ગઝલને શરણે જાય છે. ઈશ્વર કરતાંય ગઝલ પરત્વેની નિષ્ઠાનાં અહીં દર્શન થાય છે. કવિએ પોતાની પહેલી જ ગઝલના 'ગઝલમ્ શરણં ગચ્છામિ' લાંબા રદીફ અને ઈશ્વરની, બિસ્તરની, ઘરની અંદરની, પ્રેમનગરની ઈત્યાદિ સાફસુથરા કાફિયાથી પોતાની

પ્રતિભાનો પરિચય આપી દીધો છે. 'ગઝલમ્ શરણં ગચ્છામિ' વાંચતા આપણને ભગવાન બુધ્ધનું સ્મરણ ન થાય તો જ નવાઈ ! 'બુધ્ધમ્ શરણં ગચ્છામિ.....
આ જ ગઝલના મકતામાં કવિ કહે છે :

એકે તો ઓગળવું પડશે, કેમ સમાશું બંને જણ
ગલી સાંકડી પ્રેમનગરની, ગઝલમ્ શરણં ગચ્છામિ,'

પ્રેમનગરની ગલીની જેમ કવિતાનગરની ગલી પણ એટલી સાંકડી છે કે તેમાં કવિ અને કવિતા વચ્ચે એકત્વ સધાય તો જ અંદર પ્રવેશી શકાય. અને કવિતા સાથે એકત્વ સાધી તેના રસને ચાખનારને પછી અન્ય સ્વાદમાં કયાં રસ રહે !

કૃષ્ણ વિસરી ગયા વિદુરભાજી,
કાવ્યનો શબ્દ જયાં ચખાડયો છે.

તો, રાવણ પણ કવિતાથી પ્રભાવિત થઈને કહી ઊઠે છે :

રાવણ પણ ઈર્શાદ કહે છે,
તુલસૈયાની ચોપાઈમાં

કોઈ પણ કવિના કાવ્યસર્જનનું સાકલ્ય ત્યારે, જયારે તે ભાવકમાં સંવેદના પ્રગટાવી શકે, તેની જડ થયેલી સંવેદનાને જીવંત બનાવી શકે. પરંતુ આજના માણસની સંવેદના એટલી મૂક-બધિર બની ગઈ છે કે કવિતાથી યે હલતી નથી. તેથી જ કવિ કહે છે :

તાળીઓના તાજ પ્હેરી શું કરું છું :
કોઈ પણ સંવેદના હલતી નથી.

કવિ અને કવિતાનો સંબંધ મા સાથે નાળથી જોડાયેલા બાળક જેવો છે. કવિને કવિતાથી દૂર કરવામાં આવે તો જાણે આ નાળ કોઈ છેદી રહ્યું છે :

જયાં કોઈ, સ્હેજ દૂર ગઝલથી કરે મને,
લાગે મને કે છેદી રહ્યું કોઈ નાળને.

ગઝલની નાળ સાથે જોડાયેલા કવિને તો ગઝલનો રાજયોગ પ્રાપ્ત થયો છે. અને તેથી ક્ષણે ક્ષણને આનંદથી માણે છે, જાણે કે હર ક્ષણ એના માટે જ સર્જાઈ છે :

આજ પાછો છે ગઝલનો રાજયોગ
આજ પાછી છે ક્ષણો 'હરદ્વાર'ની.

ગઝલમાં સતત નવી ભાષા પ્રયોજવાની મથામણ કરતા હરદ્વાર ગોસ્વામી પાસેથી મન ઠરે એવા કેટલા બધા શેર આપણને પ્રાપ્ત થાય છે. મૂળસોંતા ઉખડવાની પીઠા સાથે આભમાં ઉડવાનો રોમાંચ જેમાં અભિવ્યકત થયો છે તેવો મતલા જુઓ :

મૂળ સોતો મને ઉખાડયો છે,
તે પછી આભમાં ઉડાડયો છે.

પણ કવિની ખુમારી કંઈ ઓર જ છે. મૂળસોંતા ઉખડેલા આ કવિ હવામાં જ પોતાના મૂળ ફેલાવીને વિકસે છે, વિસ્તરે છે. ડાળી પરથી તોડનારને કહે છે :

ડાળી પરથી તોડી ફેંકયો, એને કહી દ્યો
મૂળ હવામાં નાખીને હું ફેલાયો છું.

'હવાને કિનારે' સંગ્રહના અનેક મતલાઓ કવિની ગઝલકાર તરીકેની શકિત પ્રગટ કરે છે :

ઠેસ મારી, વિચાર ચાલે છે,

હિંચકો ના લગાર ચાલે છે.

ઠેસ મારવાથી તો હિંચકો ચાલે, પણ અહી તો વિચાર ચાલે છે. વાસ્તવમાં વિચારને કંઈ ઠેસની જરૂર ન પડે. વિચાર તો સતત ચાલ્યા કરે. પણ વિચારને ઠેસ મારતા આ કવિ પછીના શે'રમાં તરત જ કહે છે :

દોસ્ત, સંવાદ ક્યાંક અટક્યો છે.
સ્ટેજ પર અંધકાર ચાલે છે.

સંવાદ અટકે એટલે વિસંવાદ સર્જાય અને જ્યાં વિસંવાદ છે ત્યાં પ્રકાશ ક્યાંથી હોય ! માત્ર સ્ટેજ પર જ નહીં, હૃદય-મનમાં પણ અંધકાર છવાય. આ અંધકારને દૂર કરવા વિચારની પ્રક્રિયા પુનઃ શરૂ કરવા ઠેસ જ મારવી પડે ને !

અંધકારમાં અટવાયેલા મનુષ્યની આકાંક્ષા-મહત્વાકાક્ષાઓને નિરૂપતો,સરળ છતાં ખૂબ ઉંડો અને અનેક અર્થવિશ્વ સર્જવાની ક્ષમતા ધરાવતો આ શેર જુઓઃ

ઓશિકું આકાશનું હું પણ કરત
આભની કિંમત જરા ઊંચી પડી.

એક બાજું આકાશનું ઓશિકું કરવાની તમન્ના છે, તો બીજી બાજું એની કિંમત નહી પરવડવાની હકીકતેય છે. આવો જ સરળ છતાં છેતરામણી સાદગી દાખવતો શેર જુઓ :

તારો ઈશ્વર તારા જેવો,
મારા જેવો મારો ઈશ્વર.

પ્રથમ દ્રષ્ટિએ જોડકણાં જેવો લાગતો આ શેર હકીકતમાં ગહન છે.ઈશ્વર છે કે નહી, અને છે તો કેવો છે તે આપણે જાણતા નથી. સહુ સહુની રીતે ઈશ્વર સર્જે છે. દરેક પોતાની શ્રધ્ધા અને આસ્થા પ્રમાણે ઈશ્વરની કલ્પના કરી તેનું સર્જન કરે છે અને તેથી જ માણસે સર્જેલો ઈશ્વર માણસ જેવો દેખાય છે. જો કદાચ પશુ-પક્ષી કલ્પનાનું સર્જન કરી શકતાં હોત તો કદાચ તેમનો ઈશ્વર તેમનાં જેવાં જ રંગરૂપ ધરાવતો હોત.

કવિ હરદ્વાર ગોસ્વામીની ગઝલોમાં ચિંતનનું રસાયણ સુંદર રીતે રસાઈને આવે છે.

એક માણસ કેવી રીતે જીવશે ?
એક પડછાયાએ તાક્યું તીર છે.

માણસને માણસ મારે તે તો સમજાય. પણ માણસને એનો પડછાયોય તીર તાકે તો ક્યાંથી જીવાય ? માણસને વીતી ગયેલી ક્ષણના પડછાયા પણ ક્યાં સુખેથી જીવવા દે છે ? ક્યારેક માણસની વેદના એના પડછાયાની જેમ જ એનો પીછો છોડતી નથી. ક્યાંક અંધારામાં પડછાયો ન દેખાય એમ વેદના પણ એના રગેરગમાં વ્યાપેલી હોય છે. તેથી જ કવિ કહે છે :

અંધારૂં છે એથી ના દેખાઉં પરંતુ,
દૂર કરીશ તું ક્યાંથી ? તારો પડછાયો છું.

કવિ વેદનાનો અનુવભ કરે છે. ખરા, પણ તે નિરાશાવાદી નથી. પથ્થરને ફોડીને કોઈક વૃક્ષની કૂંપળ ફૂંટવાની એમને આશા છે :

કોઈ કૂંપળ કોળી ઉઠશે,
પથ્થરને પણ પાણી પાજે.

આશાવાદી આ કવિ વિતેલી ક્ષણોના શોકને ભૂલીને વર્તમાન ક્ષણોને અવસર ગણી ઉજવી લેવાની વાત કરતાં કહે છે :

સાત જનમનો શોક મૂકીને,

ઉજવી લે તું ક્ષણના અવસર.

કવિ હરદ્વારને બીજા માટે મરી ફીટનાર જટાયુવૃત્તિ વાળા મનુષ્ય માટે પક્ષપાત છે. સ્થળ કાળના બંધનોથી મુક્ત થઈ, જટાયુના પુરાકલ્પન દ્વારા સાંપ્રત માનવસમાજ સુધી પહોંચતા કવિ કહે છે :

સદા અન્ય માટે મરાયું હશે,
પૂછો નામ એનું જટાયું હશે.

આ ગઝલનો હશે રદીફ અને મરાયું, જટાયુ જેવા કાફિયા ધ્યાન ખેંચે છે.

હરદ્વાર ગોસ્વામીએ ગુજરાતી કહેવતનો વિશિષ્ટ પ્રયોગ પણ એમના એક શેરમાં સરસ રીતે કર્યો છે.

સત્ય પાછું છાતી સામે આવતું
કાન પાછા, આંખ આડા થઈ ગયા.

શબ્દને નોખી-અનોખી રીતે પ્રયોજતા આ કવિની ગઝલમાં અનાયાસે આવેલા અલંકાર પણ અનેરું આકર્ષણ જન્માવે છે. જુઓ આ શેર :

ફૂલ સાથે ડાળ આખી આ ખરી,
પાનખરની છે પરીક્ષા આખરી.

અહી 'આખરી' શબ્દના એક નહીં, બે નહીં પરંતુ ત્રણ અર્થ નિષ્પન્ન થાય 'આખરી' એટલે છેલ્લી કે અંતિમ; બીજો અર્થ 'આખરી' એટલે 'ખરી પડી' અને ત્રીજો અર્થ 'આ સાચી' ફૂલની સાથે આખી ડાળ ખરી પડવાની વેદના એ પાનખરની પણ પરીક્ષા-અગ્નિપરીક્ષા છે. ફૂલ તો ખરે પણ ફૂલ સાથે સંબંધાયેલ ડાળ પણ ખરી પડે એનાથી બીજી વેદના શું હોય ! અહી મૂકેશ જોશીના એક ગીતની પંકિત યાદ આવે છે :

પાનખરમાં પાન ખરે ને,
ઝાડનો આખો વાન ખરે ને,
ત્યારે સાલું લાગી આવે.

'હવાને કિનારે' સંગ્રહની ગઝલોમાંથી પસાર થતાં વાદળ, પાંપણ, પીંછી, ટહુકો, ઝાંઝર જેવા શબ્દો કોશગત અર્થને અતિક્રમીને નૂતન લક્ષ્યાર્થને પ્રગટ કરતા જોઈ શકાય છે.

હરદ્વાર ગોસ્વામીની ગઝલો ઉપર કયાંક એના પુરોગામી ગઝલકારોની અસર પણ જોઈ શકાય એમ છે. 'શ્વાસની હર એક ડાળને' ગઝલ રાજેન્દ્ર શુકલની 'જટાયુ હશે' મનોજ ખંડેરિયાની, 'કશો અર્થ કયાં રહ્યો', મનહર મોદીની અને 'એની માને' જેવી ગાળવાની ગઝલ ચિનુ મોદીની યાદ અપાવે છે.

હરદ્વાર ગોસ્વામીએ વિવિધ માત્રામેળ છંદમાં ગઝલ લખી છે, એમની છંદશુધ્ધિ ધ્યાનાકર્ષક છે. કયારેક એ દોહરામાં લખે છે તો કયારેક ગીતનુમા ગઝલ પણ લખે છે, જે એમની પ્રયોગવૃત્તિ દર્શાવે છે. આ ગઝલસંગ્રહના મતલાઓ એમની ગઝલકાર તરીકેની શકિતને પ્રગટ કરે છે, 'ખાસ મિત્રોથી બચાવો' જેવી કૃતકતા બહુ ઓછી જગ્યાએ છે. કયારેક કાફિયા અને રદીફ એમને પજવે છે પણ છે.

હવા સાથે સખાવત કરી બેઠેલા આ કવિ સંગ્રહની અંતિમ ગઝલમાં કહે છે :

પ્રથમ શ્વાસ મૂકું, હવાને કિનારે

પછી શંખ કંકુ હવાને કિનારે,
તરી સાત સાગર હું આવ્યો છું કિંતુ,
ઘડીમાં જ ટૂંકું, હવાને કિનારે
પછી સૌ સમંદર છે મારે જ નામે,
કદમ જો ન ચૂકું, હવાને કિનારે
રહે એક પીછું ને પૂછે બધાને
પડયું કેમ સૂકું, હવાને કિનારે !
બધા ચાંદ તારા હવે હાથ પાસે,
ગગન સાવ ટૂંકું, હવાને કિનારે,
ધુમાડામાં શયદા, ગની, સૈફ મળતાં,
ચલમ કાં ન ફૂંકું ? હવાને કિનારે

'મારું તળિયું તળાજામાં છે, તો તાળવું હિમાલય તરફ.....ભવ્યાતિભવ્ય ક્ષણની રાહ જોઈને ઉભો છું જે મને ગઝલ ગઝલ કરી દે....મોજાં ગણતો, પરપોટાને પંપાળતો, છબછબિયા કરતો હવાને કિનારે બેઠો છું ગઝલની પ્રતિક્ષામાં' એવી કેફિયત આપનાર હરદ્વાર ગોસ્વામીનું તળીયું ભલે તળાજામાં રહ્યું, એમનું તાળવું તો હિમાલય તરફ છે, એમને હિમાલયનાં શિખરથી ઉત્તુંગ ગઝલને બુલંદીથી ગાવી છે. એમની ગઝલનો એક મતલા એમને જ લાગું પડે છે :

કોઈ શિખર સર કરવા કાજે,
ઝરણું છૂટયું પાછું આજે.

ઉર્ધ્વગામી ગઝલકારની ગઝલો 'હવાને કિનારે' વહી આવી છે, ત્યારે એને 'ગગન સાવ ટૂંકું' ન પડે એવી આપણે સહુ શુભેચ્છાઓ પાઠવીએ.